
## અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિ



અમદાવાદ

# કોંગ્રેસનું કમિટમેન્ટ







## સત્ય, સમાનતા, વિકાસ અને સામાજિક ન્યાય

**એક** શહેર અને રાજ્યની જનતા કોઈ પોલિટિકલ પાર્ટીને આનાથી વધારે શું સમર્થન કરે કે દસકો સુધી રાજ્યમાં અને વીસ વર્ષથી મહાનગર પાલિકામાં સરકાર ચલાવવા આપે? પરંતુ ગુજરાતની જનતાનાં આવા ભરોસાની સામે તેમને શું મળ્યું? નિરાશા અને હતાશા?

અમદાવાદ મહાનગર પાલિકામાં છેલ્લાં વીસ વર્ષથી ભાજપ સત્તામાં છે પરંતુ આ વીસ વર્ષમાં તેમણે ગુજરાતની આર્થિક રાજધાની અમદાવાદની હાલત દયનીય કરી દીધી છે. કહેતા પણ શરમ આવે કે આજની તારીખમાં અહીંયા લોકોને પીવાનું ચોખ્ખુ પાણી નથી મળતું, અડધા કલાકના સામાન્ય વરસાદમાં ઠેર-ઠેર પાણી ભરાઈ જાય છે, દર ચોમાસે રસ્તા તૂટી જાય છે, ભૂવા પડે છે. ટ્રાફિકની સમસ્યા દિવસને દિવસે વકરતી જાય છે, લોકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયેલા રહે છે, ફ્રી પાર્કિંગની કોઈ જ વ્યવસ્થા નથી અને કરપ્શન એ કલ્ચર બની ગયું છે. ગમે તે કામ હોય જ્યાં સુધી પૈસા ના ખવડાવો ત્યાં સુધી કોઈ કામ ના થાય.

કોંગ્રેસ પાર્ટી હંમેશા એક વિઝન સાથે કામ કરનારી પાર્ટી રહી છે. દેશના કોઈ પણ મોટા અને ઝડપથી વિકસી રહેલા શહેરોમાં જ્યારે જ્યારે કોંગ્રેસ પાર્ટી શાસનમાં આવી ત્યારે-ત્યારે ત્યાં સાયન્ટિફિક પદ્ધતિથી ટાઉન પ્લાનિંગ કરી વિકાસ કર્યો. જેના કારણે ત્યાંના લોકોને વિશ્વસ્તરીય સુવિધાઓ મળી અને તેમનું જીવનધોરણ ઊંચું આવ્યું.

છેલ્લાં ઘણા સમયથી કોંગ્રેસના ઉદ્યમી કાર્યકરોએ જનતા સાથે સીધો સંપર્ક કરીને, તેમની તકલીફો અને તેમના મંતવ્યો લઈને, મીડિયાના અહેવાલો અને ડીપ રીસર્ચ કરીને આ ચૂંટણી ઢંઢેરો બનાવ્યો છે. જેના કેન્દ્રમાં અમદાવાદ શહેર અને તેની જનતા છે.

અમારો આ ચૂંટણી ઢંઢેરો એ માત્ર વાયદા નથી અમારું કમિટમેન્ટ છે.
આવો આપણા શહેરની કમાન આપણા હાથમાં લઈયે અને વિકાસને કાગળો ઉપર જ નહીં ઘર-ઘર સુધી લઈ જઈએ.



# કોંગ્રેસના કમિટમેન્ટ

01 'પહેલાં રિહેબિલિટેશન પછી જ ડિમોલિશન' ઘરની સામે ઘર આપ્યા વિના કોઈપણ પરિવારને ઘરવિહોણાં નહીં કરીએ.

02 કોર્પોરેશનમાં ખાલી પડેલી ૧૧૯૮૭ નોકરીઓમાં તાત્કાલિક અને તે પણ કાયમી ભરતી કરીશું.

03 હવે ટેક્સનું ટેન્શન નહીં રહે. પ્રોપર્ટી ટેક્સ ઊપરનું વ્યાજ ૧૮% થી ઘટાડી માત્ર ૫% કરીશું.

04 તિરંગા અર્બન હેલ્થ સેન્ટરમાં, X-Ray, બ્લડ ટેસ્ટ, યુરિન ટેસ્ટ જેવા અન્ય ટેસ્ટની સુવિધા તે પણ વોર્ડ સ્તરે સંપૂર્ણ મફતમાં આપીશું. સાથે જ ડાયાબિટીસ અને બ્લડપ્રેશર કંટ્રોલ કરવાની દવાઓ સંપૂર્ણ મફત આપીશું.

05 હાઈટેક સરકારી માધ્યમિક સ્કૂલો બનાવીશું.

06 સાબરમતી નદીને સ્વચ્છ કરીશું અને અમદાવાદને દેશના ટોપ ૫ સૌથી શુદ્ધ AQI વાળા શહેરોમાં એક વર્ષમાં પહોંચાડીશું.

07 ઓલમ્પિક રમતોમાં "એક ગોલ્ડ અમદાવાદનો" ના લક્ષ્ય સાથે 'સુભાષચંદ્ર બોઝ' સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવીશું જ્યાં તમામ રમતો માટે ફ્રી પ્રોફેશનલ કોચિંગ આપીશું.

08 દસ વર્ષ સુધી 'ના ઘસાય કે ના તૂટે' તેવા રોડ-રસ્તા બનાવીશું, રસ્તાના ખાડા અને પાણીના ભરાવાને ઈતિહાસ બનાવીશું. રસ્તાની ગુણવત્તા ચકાસવા વોર્ડ દીઠ "જનતા ઓડિટ કમિટી" બનાવીશું.

09 વિદેશોની જેમ નળમાંથી સીધો ગ્લાસ ભરીને પી શકાય તેવું પીવાનું પાણી ઘરે-ઘરે પહોંચાડીશું.

10 ટ્રાફિક અને પાર્કિંગના નિરાકરણ માટે ટાસ્ક ફોર્સ બનાવીશું અમદાવાદની ગતિ અવિરત ચલાવીશું.

અમદાવાદ

# કોંગ્રેસનું કમિટમેન્ટ



## ૧. રસ્તા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર

### પાક્કા અમદાવાદીઓ માટે પાક્કા રસ્તા

- ખાડામુક્ત અને ભૂવા મુક્ત રોડ-રસ્તા બનાવીશું.
- રસ્તા, ફ્લાય ઓવર, અંડરબ્રિજ માટે એક સ્ટાન્ડર્ડ SOP બનાવીશું સાથે જ "જનતા ઓડિટ કમિટી" દ્વારા પારદર્શિતા લાવીશું.
- આધુનિક મશીન, એડવાન્સ પ્લાનિંગ અને ઈનોવેટિવ પદ્ધતિથી ઓછા ખર્ચે અને વધુ ઝડપથી રોડ-રસ્તા બનાવીશું.
- 'કનેક્ટેડ અમદાવાદ' હેઠળ અમદાવાદના તમામ વિસ્તારોને પાક્કા રસ્તા, ડ્રેનેજ વ્યવસ્થા અને સ્ટ્રીટ લાઇટથી જોડીશું.
- વધતી વસ્તી અને તેમની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી ચાર માળના બહુમાળી કોમ્યુનિટી હોલ બનાવીશું. દરેક અમદાવાદીનો પ્રસંગ સાચવીશું.
- ધાર્મિક સ્થળો મંદિર, મસ્જિદ, દેરાસર, ગુરુદ્વારા, ચર્ચ, અગિયારી વગેરે માટે વાર્ષિક રૂ.૧૦ કરોડ ગ્રીન એનર્જી માટે તથા હેરિટેજ ધાર્મિક સ્થળોના રિપેરિંગ માટે ગ્રાન્ટ આપીશું.



## ૨. આવાસ અધિકાર

### દરેક અમદાવાદીનું સપનું પૂરું થશે, સૌની પાસે ઘરનું ઘર હશે

- તમામ ગરીબ - મધ્યમવર્ગના પરિવારોને એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમ અંતર્ગત આવરી લઈશું.
- 'પહેલાં રિહેબિલિટેશન પછી જ ડિમોલિશન' ઘરની સામે ઘર આપ્યા વિના કોઈપણ પરિવારને ઘરવિહોણાં નહીં કરીએ.
- તમામ વિસ્તારોમાં કાચા મકાનો / ઝૂંપડપટ્ટીનો સર્વે હાથ ધરી ત્યાંના રહીશોને વિશેષ ઓળખપત્ર આપીશું.
- મજબૂત, ઓછા મેન્ટેનન્સવાળા અને તમામ પ્રાથમિક સુવિધાવાળા 'આદર્શ ક્વાટર્સ'નું નિર્માણ કરીશું.
- મકાન વિતરણ ડ્રો વ્યવસ્થાને 'મલ્ટી લેયર ચેકિંગ' કરી હકદારને તેનું ઘર આપીશું.
- આડેધડ અને બિનજરૂરી ડિમોલીશન નહીં કરીએ.



અમદાવાદ

કોંગ્રેસનું કમિટમેન્ટ



## 3. ગટર, પીવાનું પાણી અને વરસાદી પાણીનો નિકાલ

### નગર રચના એવી હશે કે સૌને હાશ થશે

- અમદાવાદ શહેરના નાગરિકોને વરસાદી પાણી રોડ ઉપર ભરાવવાના લીધે થતી હાલાકીનો કાયમી ઉકેલ લાવવા ૭0% રોડ જ્યાં સ્ટ્રોમ વોટર લાઇન નથી ત્યાં 'સ્ટ્રોમ વોટર લાઇન' નાખીશું.
- પ્રદુષિત પીવાના પાણીથી અસરગ્રસ્ત વિસ્તારોમાં નવીન પાણી અને ગટરની અલગ લાઈનો નાખીશું.
- શહેરમાં પરકોલેશન વેલ બનાવીશું.
- ગટરનું પાણી ખેંચવા માટે આધુનિક પમ્પિંગ સ્ટેશન બનાવીશું.
- પીવાના પાણીનું સતત મોનીટરીંગ કરી વધારે TDS વાળા વિસ્તારોમાં પાણી શુદ્ધિકરણ કરીને આપીશું.
- અમદાવાદ શહેરના દરેક ઘરને પૂરતા પ્રેશરથી દિવસમાં 3 ટાઈમ પીવાનું સ્વચ્છ પાણી આપીશું.




## ૪. શિક્ષણ

### દરેક બાળકનો હક છે શિક્ષણ, દરેક સરકારની ફરજ છે શિક્ષણ

- દરેક વોર્ડમાં ધોરણ ૧૨ સુધીની કોર્પોરેશન સંચાલિત 'સરદાર પટેલ માધ્યમિક શાળા' શરૂ કરીશું.
- ભવિષ્યના ભણતરમાં કોઈપણ પાછળ ના રહી જાય તે ઉદ્દેશથી મફત AI નું શિક્ષણ આપીશું.
- 'ઈન્દુચાચા ઈ-લાઈબ્રેરી એપ' થકી તમામ પાઠ્યપુસ્તકો, ઈત્તરપ્રવૃત્તિને લગતાં પ્રકાશનો તથા 'રેકોર્ડેડ લર્નિંગ' વિડિયો થકી તમામ જ્ઞાનવર્ધક મટિરિયલ ફ્રીમાં આપીશું.
- યુદ્ધના ધોરણે હાલની મ્યુનિસિપલ શાળાઓનું અપગ્રેડેશન અને મોર્ડનાઈઝેશન કરીશું. જ્યાં તમામ વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાવાળું અને કૌશલ્યયુક્ત શિક્ષણ પૂરું પાડીશું.
- શિક્ષણના અધિકાર હેઠળ એક પણ બાળક શિક્ષાથી વંચિત ના રહી જાય તે લક્ષ્ય સાથે કામ કરીશું.
- વ્યક્તિત્વ વિકાસ માટે ઉંમરની મર્યાદા વગર, સ્પોકન ઇંગ્લિશ, બેઝીક કમ્પ્યૂટર, પર્સનાલિટી ડેવલપમેન્ટ જેવા કોર્સ ફ્રી આપીશું.

અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિ

અમદાવાદ
# કોંગ્રેસનું કમિટમેન્ટ







## ૫. સ્વાસ્થ્ય અને આરોગ્ય

**બીમારીના સમયમાં સાથે રહીશું,**
**વ્યવસાય નહીં, સેવા કરીશું**

• વસ્તીના ધોરણે વોર્ડ દીઠ જરૂર પડે તો એક કરતા વધારે પણ 'તિરંગા અર્બન હેલ્થ સેન્ટર'નું નિર્માણ કરી સેવા, નિદાન અને સારવારના ધ્યેયને પૂર્ણ કરીશું.
• 'તિરંગા અર્બન હેલ્થ સેન્ટર'માં ૨૪ કલાકની સુવિધા પૂરી પાડીશું.
• MRI, CT સ્કેન, X-રે, સોનોગ્રાફી અને બ્લડ રિપોર્ટ જેવી સુવિધાઓ ફ્રી આપીશું.
• વસ્તીના આધારે નવા મેટરનીટી હોમ બનાવીશું.
• શહેરમાં ઝોનદીઠ એક બાળકોની હોસ્પિટલ બનાવીશું.
• વી.એસ. હોસ્પિટલનું નવીનીકરણ કરી ફરીથી તેને સંપૂર્ણ કાર્યરત કરીશું.
• માતાઓ માટે વિશેષ 'પ્રસુતિ એમ્બ્યુલન્સ' મૂકીશું.
• પોળ અને નાની ગલીઓવાળા વિસ્તારમાં પણ આસાનીથી પહોંચી શકે તેવી 'મિનિ એમ્બ્લુલન્સ'ની સેવા શરૂ કરીશું.

## ૬. સ્વચ્છતા

**સ્વચ્છ શહેર, સ્વચ્છ નગર,**
**સ્વચ્છ દરેક ઘર**

• 'જેટલી સફાઈ, એટલી કમાઈ' યોજના હેઠળ શહેરીજનો અને રહેણાંક સોસાયટી 'કાર્બન ક્રેડિટ'ની કમાણી કરી શકશે. જેનો ઉપયોગ તેઓ કરવેરા તથા અન્ય કોર્પોરેશનની સુવિધાઓની ફીની ભરપાઈ માટે કરી શકશે.
• ગટર, મેનહોલ અને ખાળકૂવાની સફાઈ સંપૂર્ણ રીતે માનવરહિત અને આધુનિક પદ્ધતિથી કરીશું.
• દિવસમાં બે વખત ડોર-ટુ-ડોર કચરો ઉપાડવાની નિયમિત સુવિધા આપીશું.
• પબ્લિક ટોઈલેટની દૈનિક સફાઈ કરાવડાવીશું. દરેક વોર્ડમાં ખાસ સ્વચ્છ અને સુરક્ષિત મહિલા ટોઈલેટ બનાવીશું.
• અમદાવાદમાંથી પસાર થતી તમામ કેનાલોનું શુદ્ધિકરણ કરીશું.
• સફાઇ કામગીરીને આધુનિક મશીનરીથી સુસજ્જિત કરીશું.
• ગંદકી અને ઋતુગત રોગચાળો ફાટી ના નીકળે તેની માટે વિશેષ ટાસ્ક ફોર્સ બનાવીશું.



અમદાવાદ
કોંગ્રેસનું કમિટમેન્ટ





## ૭. કરવેરા

**સરળ કરવેરા હશે, સતત સુવિધા મળશે**

• પ્રોપર્ટી ટેક્સ ઉપરનું વ્યાજ 18% થી ઘટાડી માત્ર 5% કરીશું.
• ૩૫ મીટરથી નાના મકાનો માટે પ્રોપર્ટી ટેક્સમાં 50% રાહત આપીશું
• જંત્રી આધારીત ટેક્સ વધારો નાબૂદ કરીશું.
• ધાર્મિક સ્થળો સાથે સંલગ્ન પ્રોપર્ટીને પણ ટેક્સ ફ્રી કરીશું.
• ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓને પ્રોપર્ટી ટેક્સમાંથી સંપૂર્ણ મુક્તિ આપીશું.
• ભાડા કરાર ઉપર આપેલી મિલકતોના કરવેરા પણ ઓછા કરીશું.

## ૮. પ્રદૂષણનાં દૂષણથી મુક્ત અમદાવાદ

**પ્રદૂષણનું દૂષણ દૂર કરીશું,**
**સ્વચ્છ અમદાવાદનું સ્વપ્ર પૂર્ણ કરીશું**

• અમદાવાદને દેશના ટોપ ૫ સૌથી સ્વચ્છ AQI વાળા શહેરોમાં એક વર્ષમાં પહોંચાડીશું.
• 'નવા વૃક્ષ વાવીશું, જૂના વૃક્ષ બચાવીશું' ઝુંબેશ હેઠળ વૃક્ષોનું નિકંદન નહીં કરવા દઈએ. સાથે જ દર વર્ષે ૧૦% ની ગતિથી અમદાવાદનું ગ્રીનકવર વધારીશું.
• તળાવો-બગીચાઓનો સુનિયોજિત વિકાસ કરીશું.
• સ્વચ્છ હવા અને વાતાવરણ માટે નવા ગ્રીન ઝોન બનાવીશું.
• અમદાવાદની ઓળખ દેશના સૌથી ચોખ્ખાં શહેર તરીકે ઊભી કરીશું. સાબરમતી નદીને આધુનિક પદ્ધતિથી સ્વચ્છ બનાવીશું.
• ડોમેસ્ટિક પાણી જેટલું ઉત્પન્ન થાય છે તે એકંદરે શુદ્ધ થાય તેવા સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) કાર્યાન્વિત કરીશું. શુદ્ધ થયેલા પાણીને તળાવોમાં ભરી શહેરનું જળ સ્તર ઊંચું લાવીશું.
• હયાત પીરાણાના કચરાના ડુંગરને સમથળ કરીશું અને હવે પછી કચરાના ડુંગરો ના થાય તેવી લેન્ડફિલ સાઇટ વિકસાવીશું.
• ઉદ્યોગોના ગેરકાયદેસર એન્ટ્રીટેડ એફ્લુએન્ટને કેનાલ, નદી, તળાવોમાં ઠલવાતા રોકીશું અને તેમની સામે કડક કાર્યવાહી કરીશું.

અમદાવાદ
# કોંગ્રેસનું કમિટમેન્ટ



## ૯. ટ્રાફીક અને પાર્કીંગ

**વધતા શહેરની મુશ્કેલીઓ સમજીશું,
ટ્રાફિક હોય કે પાર્કિંગ તમામ મુશ્કેલીઓ દૂર કરીશું**

• ટ્રાફીકની સમસ્યાનું નિરાકરણ લાવવા લૉજિકલ રીતે નવા ફલાયઓવર બનાવીશું સાથે જ જૂના રસ્તાઓને જનસહમતીથી પહોળા કરીશું.
• રીક્ષાસ્ટેન્ડનું માળખું વધારી દરેક વૉર્ડમાં પેસેન્જર રિક્ષા, લૉડીંગ રીક્ષા તથા ખાનગી ટેક્સી માટે પાર્કીંગ ઝોન બનાવીશું.
• ધાર્મિક સ્થળો ઉપર વૃદ્ધ નાગરિકો માટે ડ્રોપ ઓફ ઝોન તથા પાર્કિંગની વ્યસ્થા કરીશું.
• 'એક શહેર, એક પાર્કિંગ કાર્ડ' હેઠળ માત્ર એક વખત વાર્ષિક ફી સાથે સમગ્ર અમદાવાદના બધા જ પેઈડ પાર્કિંગને તેમાં આવરી લઈશું.
• પાર્કિંગની જગ્યામાં બનેલા ગેરકાયદેના બાંધકામ દૂર કરીશું.
• મહિલાઓ માટે ખાસ 'પિન્ક પાર્કિંગ'ની વ્યવસ્થા ઊભી કરીશું.




## ૧૦. પબ્લિક ટ્રાન્સપોર્ટ

**ગાડીવાળા પણ સરકારી ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરશે, તમામ શહેરીજનો સરકારી બસોમાં વટથી ફરશે**

• મહિલાઓ અને વિદ્યાર્થીઓને AMTSની તમામ બસોમાં ફ્રી મુસાફરી પાસ આપીશું.
• AMTS ની તમામ બસો AC બનાવીશું. સાથે જ બસોની સંખ્યામાં વધારો કરીશું.
• ફીડરબસ તથા ઈ-રીક્ષાની સંખ્યા વધારીશું.
• AMTS-BRTSની બસો તથા ડમ્પરથી થતાં અકસ્માત તથા મૃત્યનાં કેસોમાં મૃતકના પરિજનોને તાકીદે વળતર ચૂકવવા અલાયદું ફંડ બનાવીશું.
• BRTS ના તમામ રૂટનો સર્વે કરી જ્યાં જરૂર હશે ત્યાંથી BRTS કોરિડોર દૂર કરીશું.



અમદાવાદ
કોંગ્રેસનું કમિટમેન્ટ



## ૧૧. યુવા રોજગાર અને રમતગમત

**યુવાનો પાસે તક હશે, રોજગાર ઉપર
તેમનો પૂરે-પૂરો હક હશે**

• અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વર્ષોથી ખાલી વર્ગ ૧ થી વર્ગ ૪ની અંદાજિત ૧૧૯૮૭ જગ્યા ઉપર શહેરના યુવાનોની ભરતી કરી કાયમી રોજગાર આપીશું.
• કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગ પ્રથા સંપૂર્ણ નાબૂદ કરીશું.
• ગિગ વર્કર તરીકે કામ કરતા યુવાનોને ફ્રી અકસ્માત વીમો આપીશું.
• ઓલમ્પિક રમતોમાં 'એક ગોલ્ડ અમદાવાદનો' ના લક્ષ્ય સાથે 'સુભાષચંદ્ર બોઝ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ' બનાવીશું. જ્યાં તમામ રમતો માટે ફ્રી પ્રોફેશનલ કોચિંગ આપીશું.
• કોર્પોરેશન સંચાલિત જીમખાનાને આધુનિક સાધનોથી સજ્જ કરી ફરીથી કાર્યાન્વિત કરીશું અને ખાનગી કોન્ટ્રાક્ટરને બદલે જાતે તેનું સંચાલન કરીશું.
• અમદાવાદ શહેરના યુવાઓને નશામાંથી મુક્તિ અપાવવા 'રિહેબ સેન્ટર' નશામુક્તિ કેન્દ્રો બનાવીશું.




## ૧૨. મહિલા અને સમાજ કલ્યાણ

**મહિલાઓને મુખ્ય ધારામાં લાવીશું,
તમામ સમાજને સમાન તક અપાવીશું**

• ૪૦ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓને વિનામૂલ્યે હેલ્થ ચેક-અપ સુવિધા આપીશું.
• મહિલા ઉદ્યોગસાહસિકો માટે વિશેષ 'ઈન્દિરા ઈ–માર્કેટ, ક્વીક કૉમર્સ પૉર્ટલ' બનાવીશું. ગૃહઉદ્યોગ, ક્લાઉડકિચન તથા નાનો વ્યાપાર કરતી મહિલાઓના પ્રોડક્ટ્સ વધુમાં વધુ લોકો સુધી પોહચાડીશું.
• મહિલા માલિકીની મિલકતોને ટેક્સમાં વિશેષ છૂટ આપીશું.
• કામકાજી મહિલાઓ માટે બાળકોના ઘોડિયાઘરની વ્યવસ્થા ઊભી કરીશું.
• SC / ST બાહુલ્ય વિસ્તારો – વોર્ડમાં વિકાસ કાર્યો માટે ૧૦% વધુ બજેટ ફાળવીશું અને ભેદભાવ વગરની વહીવટ વ્યવસ્થા ઊભી કરીશું.

અમદાવાદ

# કોંગ્રેસનું કમિટમેન્ટ




## ૧૩. ફેરીયાઓ અને નાના વેપારીઓ

**નાના-મોટા તમામ વ્યાપારીઓનું ધ્યાન રાખીશું**
**રાજ્યના વ્યાપારી મથક અમદાવાદનું પૂરે પૂરું માન રાખીશું**

• તમામ લારી-ગલ્લા-પાથરણાવાળા ફેરીયાઓનો સર્વે હાથ ધરી સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટ-2014 અંતર્ગત સ્માર્ટ કાર્ડ બનાવી સ્ટ્રીટ વેન્ડર્સ કાયદાનો સંપૂર્ણ અમલ કરીશું.
• ટાઉન વેન્ડિંગ ઝોન બનાવીને કાર્યાન્વિત કરીશું.
• નાના વ્યાપારી, ખાણી-પીણીના વ્યાપારી, નવો વ્યવસાય કરનાર તમામ માટે સિંગલ વિન્ડો ક્લિયરન્સ સાથે તમામ જરૂરી લાઇસન્સ એક સાથે અને ઝડપી આપીશું.
• 'પ્રો–વેન્ડર ઝોન' બનાવી લારીવાળા તથા ફેરિયાઓને કાયમી જગ્યાની ફાળવણી કરી નવા બજાર ઊભા કરીશું.
• કોર્પોરેશનના અધિકારીઓ કોઈ પણ પ્રકારની કનડગત ના કરે તે માટે 'એન્ટી કરપ્શન હોટ લાઇન' લાવીશું.



## ૧૪. જન સુનવણી અને ખાદ્ય પદાર્થ ચકાસણી

**તમામ ફરિયાદોનું નિરાકરણ કરીશું**
**ખાદ્ય પદાર્થોની પણ ચોક્કસ ચકાસણી કરીશું**

• શહેરીજનોના રોજીંદા પ્રશ્નોના સમાધાન માટે દર અઠવાડીયે 'વૉર્ડ સુનવણી' રાખી સમસ્યાઓનું સમાધાન લાવીશું.
• ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળના ટેસ્ટ માટે લેબ બનાવીશું તથા ભેળસેળ પકડી આપનાર નાગરિકને રોકડ ઇનામથી સમ્માનિત કરીશું.
• વારંવાર ભેળસેળ કરનાર વ્યાપારીનું હંમેશા માટેનું લાઇસન્સ રદ કરીશું.



અમદાવાદ
કોંગ્રેસનું કમિટમેન્ટ




## ૧૫. ડિજીટલ અમદાવાદ

**જેન ઝી અને જેન આલ્ફા માટે,**
**બેસ્ટ સુવિધાઓ ઊભી કરીશું**

• અમદાવાદને દેશનું પહેલું ફાયરવોલવાળું ડિજિટલ શહેર બનાવી હેકર્સ, સ્કેમર્સ અને સ્પામર્સથી છુટકારો અપાવીશું.
• કોર્પોરેશનની દરેક લાઇબ્રેરીમાં વિદ્યાર્થીઓ માટે હાઈસ્પીડ ઈન્ટરનેટવાળા કમ્પ્યૂટર્સ મૂકીશું.
• યુવાનોને AI ના પોપ્યુલર સોફ્ટવેર રાહત દરે પૂરા પાડીશું.
• કોર્પોરેશનના કામકાજને ડિજિટલ બનાવી ધક્કા-ફેરાથી છૂટકારો અપાવીશું.

અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિ

13. ફેરીયાઓ અને નાના વેપારીઓ
૧૪.જન સુનવણી અને ખાદ્ય પદાર્થ ચકાસણી
15. ડિજીટલ અમદાવાદ